गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कोपीराईट विभाग]

अनुक्रमांक १००३ वर्गांक

पुस्तकनुं नाम श्री कुमारी नाटकनां गायनो

विषय ૮, - : ૨.૪

श्री

श्री कुमारी नाटकनां गायनो.

रचनार

श्री मरहुम साक्षर डाह्याभाइ धोळशाजी

झवेरीना शीष्य.

भट्ट. पुरूषोत्तम मुळशंकर.

प्रसिद्ध करनार

भट्ट. मगनलाल मुळशंकर

आवृत्ति १ ली.

कर्ताए सर्व हक्क स्वाधिन राख्या छे.

(कर्तानी परवानगी शीवाय कोइए छापवुं छपाववुं, भजवुं भजवाववुं, वेचवुं वेचाववुं के कोइपण गाणुं अगर नाटकनो कोइपण भाग नाटयकर्ताओए के नाटयकारोए के कोइपण माणसे लेवो नहिं छतां लेशे तो कायदानी रूए इलाज लेवामां आवशे.)

अमदावाद.

"धी जोली प्रीन्टिंग वर्क्स"-

संवत १९६०-सने १९०४.

कींमत. ०-२-०

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ
૧૦૦૩

(સને ૧૮૬૭ના ૨૫ મા એક્ટ પ્રમાણે રજીસ્ટર કરાતી છે.)

॥ श्री गजानन शारदाम्बे नमः ॥

શ્રી કુમારી નાટકની ટુંક હકીકત.

૧.

નાંદી઼ચો.......................નાટકનું રહસ્ય.

પ્રવેશ ૧ લો—

રળીઆમણા રાજનગરના ધનાઢ્ય શેઠ પ્રમોદરાયનો નદી કિનારે બંગલો, બગીચામાં સાહેલીઓ સાથે નવી શેઠાણી આશક થએલ પેઢીના મુખ્ય મુનીમ કપટલાલ સાથે હાસ્ય વિનોદ. અચાનક માત-પીતા ગુજરી જવાથી કાકાને ત્યાં ઉછરેલો ચંદ્રરાય. પોતાના મીત્ર ગંગુ સાથે રત્નપુરના રહીશ, ને શીરોઇ દરબાર કર્ણસીંહના દીવાન વિજયાનંદની પુત્રી શ્રી કુમારી, જેનાં લગ્ન ચંદ્રરાય સાથે થવાને નક્કી થએલ છે. તેનો આવેલો પત્ર વાંચતો અહીં આવી પહોંચે છે. શે-ઠાણીને કપટલાલ ગભરાટમાં, પ્રેમનો વધારો, છેવી—આરસપહાણુની ઘડાવવાની યોજનાથી નાખુશ. પ્રપંચના કાવાદાવા.

પ્રવેશ ૨ જો—

કપટના દાવા ચુકવતાં શેઠાણીને કપટલાલ, ચંદ્રરાય જાણી ગયો છે. તેથી તે છુપી વાત ખુલી થશે. એમ જાણી શેઠ પાસે છતા થવાનો પ્રયત્ન ગોઠવે છે. ચંદ્રરાયને કપટલાલ મારફતે શેઠાણી બોલા-વવા વીચાર, ને જુઠા આરોપો મુકી, દોષીત ઠરાવાની પ્રપંચી જાળ ગુંથવી.

પ્રવેશ ૩ જો—

મ્હેલમાં શેઠાણી કટલાલ મારફતે બોલાવવાથી આવેલ ચંદ્રરાય

શેઠાણીની પ્રેમની માગણી, ચંદ્રરાયનો તીરસ્કાર, એટલાગા પ્રેમોદરાય. પાપની છાંયડીમાંથી નીકળતી શેકાણી, ચંદ્રરાયપર બદફાનતનો આરોપ, કપટલાલ ચોપડા સાથે જુઠો ઉધારેલો હીસાબ. શેઠની બે બાકળાઈ, ઠપકો, શેઠને શેઠાણી—

પ્રવેસ ૪ થો—

બંગલાનું રંગભૂવન, આરસપહાણની છબી, ચંદ્રરાયને ગંગુ છબીનો મોહ; પણ તીરસ્કાર પામી દોષિત પામેલાઈ. બે બાકળો જીવ, ગંગુને સવારે મળવાને બાને વીદાયગીરી, મીત્ર, ભાગ્યમાં ભુલો. એકલો, શ્રી કુમારીનો સંકલ્પ, વિકલ્પ, રામા પાસે ગાડી જોડાવી નીકળવું. છબીનું ભાન. રામ રાગ.

પ્રવેશ ૫ મો—

ગંગુ સવારે મળવાના વાયદા પ્રમાણે મળવા ન આવ્યો તે વિશે વિચારમાં. રામો. નોકરની નીગકહલાવી. વૈરાગ ધારણ કર્યાની હકીકત જાહેર થવી, પાછળથી શેઠને મુનીમ, મોકલેલો પત્ર. લોક નીંદાની ગભગમણ, ગંગુ મીત્રને શોધવાની દઢ પ્રતિજ્ઞા. વિજયાનંદને ખબર, મુનીમને મનમાં ખમચાટ, ભાગ્યમાં ભુલો પડેલો શેઠ બગલા તરફ.

પ્રવેશ ૬ ઠો—

રત્નપુર, વિજયાનંદની પુત્રી શ્રી કુમારી અને વસંત, બંગલો, સખીયો, શરબો, બન્ને બેનો, ચંદ્રના પત્રથી થયેલો પ્રેમ બાણનો ટંકાર, વૈરાગ ધારણ કરી નાશી ગયાના સમાચાર. વસંત વર્તમાન પત્ર વાંચે છે. શ્રી કુમારી પાસેથી વર્તમાન વસંત ખુંચી લેછે. પણ જક કરી પાછું પડાવે છે. પલકમાં છાંયડી પલટાઇ ગઇ, બાળા રોતી

રોતી ધરણીપર ઢળી પડી. પાછળથી વિજયાનંદ તથા તેની માતા રત્નપુરના શેઠ બુદ્ધિસાગરના દીકરા—રમણલાલ સાથે નક્કી કર્યાનું કહે છે. શ્રીકુમારીને ધીરજ, દરેક લગ્નની તૈયારીમાં. શુધ નીરમળ પ્રેમનો ઉભરો—

પ્રવેશ ૭ મો—

વરઘોડો, વર વધુ, બુદ્ધિસાગરની દીકરી વેણી ને લોક લાજે આવેલી રત્નપુરના સુરસીંહ રાજાના પ્રધાન દુષ્ટરાયની દીકરી ભાણી, બન્નેની સામસામી તકરાર, કમાલની વેણીપર બદદાનત, ભાણીની વેર લેવાની ઉત્કંઠા; વેણી અભીમાનને તીરસ્કાર. અચાનક [illegible]ળાં કૃત્ય કરનાર જુનો રત્નપુરના રાજેન્દ્ર સુરસિંહનો પ્રધાન દુષ્ટરાય, રાજ્ય પચાવી પાડવાના ઇરાદાથી એક પછી એક ગોઠવતો પગથી આં, બાપ દીકરીનો મેળો. વરઘોડામાં થએલા તીરસ્કારની ભંભેરણી, દારૂ દેવતાથી સળગી ઉઠયો. કમાલ સાથે બુદ્ધિસાગરના તમામ માણસનું ખુન કરવાની ગોઠવણ, રાજાની પ્રખ્યાત કુન્ડળા ગણીકા પાસે દરબારમાં મુજરો કરી ઝેર આપવાની તજવીજ, દરબારમાં છુપાં માણસ રાખવાની ગોઠવણ, કુન્ડળાના ઘર તરફ દુષ્ટરાય.

પ્રવેશ ૮ મો—

કુન્ડળા દાસીઓ સાથે નાચની કેળવણી પાછળથી દુષ્ટરાયનો બુદ્ધિસાગરનો અભણ પુત્ર રમણલાલ, આશક માશુકની મજા, મદ્યપાન, નાચ, રમણલાલનું જવું. દાસી સાથે ઇસારતો, રાજાને ઝેર આપવાની તજવીજમાં, કુન્ડળા સાથે થએલા દુષ્ટરાયના ઠરાવનું વચન, લાલચુને લાલચના ખાડામાં ઉતારવાની દુષ્ટરાયની કોશિશ, હાસ્યવીનોદ.

પ્રવેશ ૯ મો—

રત્નપુરમાં મૂળનાથ મહાદેવ આગળ રત્ન મુલ્ય સરોવર, ચંદ્રરાયનો ઉતારો, શ્રીકુમારીનું સ્મર્ણ, ગુજરાયેલી વાતોનો ભાવ અંતરમાં ઉભરાય છે. એટલામાં નચુંદ ભોજાય, પુજારી ગુપચુપ ચંદ્રને પાછળના વાડામાં મોકલે છે. સુરસિંહ અને બુદ્ધિસાગર દર્શને, દુષ્ટરાયથી કંટાળેલો રાજા રાજ્યની ખટપટ. ધર્મશાળાની તપાસ, રાજ્ય તરફ સજાનું વળવું, સુતેલો ચંદ્ર, શ્રીકુમારીને ચંદ્રનો ભાસ. જુદી જુદી વાંછના, બુદ્ધિસાગરને નવા મેમાનની તપાસ, શ્રીકુમારી પ્રેમનાં અંકુરો.

પ્રવેશ ૧૦ મો—

આયનામાં પોતાનું રૂપ જોઇ ચાળા કરતો બુદ્ધિસાગરનો પુત્ર મણુલાલ કુંડળાની દાસી આશકના પૈસા ધુતવાનો ધંધો. પાછળથી શ્રીકુમારી દુષ્ટનાં હૈયાં બે બાકળાં, દયાની ખાતર દાસીને જવા દેવી, શ્રી કુમારીનો ખેદ, રમણુલાલને કેળવણીનું જ્ઞાન આપવું.

પ્રવેશ ૧૧ મો—

ચંદ્રરાય પાછળથી શ્રીકુમારી ને વેણી, ચંદ્રનું ખસી જવું. શ્રીકુમારીની કડીયો વંચાવી, ચંદ્ર પ્રેમ ભૂત. રાતનો સમય વધારે થવાથી સૌ સૌને ઠેકાણે મોડી રાતે કમાલ. વેણીપર બદદાનત. સતીનો ટેક, બુમરાણ, ચંદ્રનું બારીથી કુદવું, કમાલ કેદ, ચંદ્રને શાબાશી, દુષ્ટરાયનું પોગળ ઉઘાડું. કચેરીમાં ન્યાય કરવાપર મુલતવી, પાછળથી શ્રીકુમારીને રમણુલાલ સંસારની શીઢીપર ચઢવું.

પ્રવેશ ૧૨ મો—

સુરસિંહની કચેરી, કુન્ડળાનો નાચ. દરબારનું ખુશ થઇ વચન, આપવું, માગણીમાં ઝેરની ભેટ, ગણીકા કુન્ડળા આપે છે. ખ-

દ્ધિસાગર કેદ પકડાયેલો કમાલ, દુષ્ટરાયને ગભરાટ યુક્તિ પ્રયુક્તિ. બે દભંગ બળતામાં ઓમાગેલું ઘી સળગી ઉઠયું. પાપીને શીક્ષા, પણ શરણે આવતાં છુટા બુદ્ધિસાગરને દીવાનની પદવી. દુષ્ટરાય વેરના વેલાનો વધારો, છુપાં માણસ, ને ટોળલો.

અંક બીજો.

પ્રવેશ ૧ લો.

શ્રીકુમારી નેતસાહેલીયો, સાહેલીઓનું જવું, શ્રીકુમારી એકલી ચંદ્રની પ્રેમ વિભૂતી- દીગમૂઢ-પાછળથી-રમણલાલ, કુન્ડલા ગુણકાની તરફથી ઘરમાંથી છાંના રૂપીયા ઉપાડવા, શ્રીકુમારી આવી રમણલાલને સમજુત આપે છે. મૂર્ખ ધર્ણીની મૂર્ખતા, પાછળથી-બુદ્ધિસાગરને ચંદ્ર આવે છે. રમણલાલની ગભરામણ, રૂપીયાની થેલી પડતી મુકી-કુન્ડળાના ઘર તરફ, ગંગુનો કાગળ, ચંદ્ર, ગંગુ પોતાને શોધવા આવનાર છે એમ જાણી બુદ્ધિસાગર પાસેથી રજા માગી જાય છે. બુદ્ધિસાગર પુત્રના સંતાપમાં.

પ્રવેશ ૨ જો.

કુન્ડળાને દુષ્ટરાય, બુદ્ધિસાગર તરફની વેરની આગ ઓલવ-કુન્ડળાને ચઢાવે છે. રમણલાલને પ્રપંચમાં ફસાવવાના પ્રયત્ન, પાછળથી રમણલાલ કુંડલા જોડે પ્યારગાં પડે છે. પ્રપંચની જાળમાં પકડે છે. શ્રીકુમારીને નદીમાં નાંખી દેશો તો હું તમારી પાસે સદાને માટે રહીશ એવી પ્રતિજ્ઞા પ્રેમાંધ માનવી કુત્રામાં પડે છે.

પ્રવેશ ૩ જો.

પ્રેમ વીણાએ ગવાઇ જતી શ્રીકુમારી-ધૂમસની વાદળીમાં છૂપાઇ એલા સૂર્યનાં કીરણ ઉઘાડાં-કરૂણાનદીમાં તણાતાં બન્ને પ્રેમાળ મા નવી પ્રેમમાં કુછળે છે, વૈરાગ છોડી દેવાને ભલામણ, ચંદ્ર દિગમૂઢ, ચંદ્રનું રત્નપુરથી સદાને માટે જવું, શ્રીકુમારીની અધીરાઇ.

પ્રવેશ ૪ થો—

દુષ્ટરાય ધુમાડાના બાચકા; બારવટીઓ ગામની સીમમાં મૂકવા, બુદ્ધિસાગરનું કોઇપણ માણસ આવતું જતું માલમ પડેતો લુંટી લઇ ગરદન મારવા તથા આસપાસની રૈયતને લુંટવી એવા ઠરાવ. શોધમાં આવેલો મીત્ર વીયોગી ગંગુ, બુદ્ધિસાગરના મેમાનને સજા કરવા દુષ્ટરાયની ધમકી. ગંગુની ચાલાકી, દુષ્ટરાયનો અવાજ ખાલી.

પ્રવેસ ૫ મો.—

શ્રીકુમારીને મારી નાંખવા કરતાં જુઠો આરોપ મુકી તેને પીએર મોકલાવી દેવી એવો રમણુલાલનો ઠરાવ. ચંદ્રના કાગળનો કડકો, શ્રીકુમારી ચંદ્ર સાથે પ્યારમાં પડેલી છે એવો જુઠો-નીરદોષ બાળા ઉપર આરોપ, દોષિત થએલી શ્રીકુમારી, તલવારથી કતલ થઇ જવાને ભલામણ કરે છે, પાછળથી વેણી, ભાઇને ઠપકો, પણ કુન્ડળાના પ્યારમાં કુટાતો રમણલાલ, સવાર પડતામાં શ્રીકુમારી અહિંથી, તેના પીએર નહિ જશેતો ઘરના, તમામ માણસોનું ખુન કરવામાં આવશે. એમ કહી કુન્ડળાના ઘર તરફ, પાછળથી બુદ્ધિસાગર આવેછે. ભાઇનાં ફુલ ખુલાં, શ્રીકુમારીને પીએર વળાવવી, ગંગુ, મીત્રનો પતો નહિં લાગવાથી આશા નીરાશા.

પ્રવેસ ૬ ઠો

બારવટીયા, ચંદ્ર, લૂંટ, તરવારનો ઘા કરવો. મૂર્છીત, મઠાધીશ બાવાઓ, બારવટીયાનું નાશી જવું, મૂર્છીત થએલા વૈરાગી, ચંદ્રની સારવાર કરતા, તથા આગળ જતા મઠાધીશ થશે એવી ધારણામાં રમૃતી થવાથી તેને ગીરીરાજ ઉપરના પોતાના મઠમાં લઇ જાયછે. પિયર તરફ જતિ શ્રીકુમારી, બારવટીયાની સાથે તકરાર, સાથે આવેલા ગાડીવાન તથા, સીપાઇનું મોત, બીજા સપડાવેલા સીપાઇઓને જોઇ શીયળ બચાવવાની ઇચ્છાથી શ્રીકુમારીનું નદીમાં પડવું, પડેલી શ્રી કુમારીને કાઢવા સીપાઇનો નદીમાં ભુસકો—

પ્રવેશ ૭ મો.

કુન્ડળાને દુષ્ટરાય. લાલચમાં ગણીકાને દબાવીને રમણલાલને દારૂમાં ગુલતાન કરી તેના, પીતાની મીલકત કબજ કરવા. ઘડી રાખેલા દસ્તાવેજપર સહી લેવી, પછી રામ શરણ કરવો એવી યુક્તિ. રંગ બાજીમાં રમણલાલ, શરાબના પ્યાલા, દસ્તાવેજમાં સહી. ચકચુર બનેલો રમણલાલ, ખંજરને આધીન, પડેલા મુડદાને ફેંકી દેવું, કુન્ડલા ને દુષ્ટરાયનું જવું.

પ્રવેશ ૮ મો

સુરસિંહને બુદ્ધિસાગર નગર ચર્ચામાં; મુડદા સાથે કુન્ડળાને દુષ્ટરાય, પાપીનો ઘડો છલકાવો, કેદમાં–બુદ્ધિસાગર પુત્ર મરણના શોકમાં.

પ્રવેશ ૯ મો.

બુદ્ધિસાગરનું ઘર, વેણીની દીલગીરી, બુદ્ધિસાગર શોકસમુદ્રમાં શ્રીકુમારી નદીમાં પડી તણાઇ જવાની ખબર, સાસરીયાંના ગાત્ર સ્તબ્ધ, રાજામારફતે વિજયાનંદને સંદેશો, પુત્રને અગ્ની દાહ

પ્રવેશ ૧૦ મો.

સાજો થયેલો વૈરાગી ચંદ્ર ગીરીરાજના શીખરોપર મહન્તજીનો આકાર, નીરાકારનો ભેદ, ને યોગની દીક્ષા કાલે આપીશું એવો ઠરાવ, ગીરીપરની લીલા, એકલો ચંદ્રરાય શ્રીકુમારીના સ્મર્ણમાં પ્રેમતાર્ણીમ જોગીની ધુન, બાવા. ટળલો—

અંક ત્રીજો,

પ્રવેશ ૧ લો.

ગીરીરાજની તળેટીમાં રૂપણીયાં, ગામની શીમ, નદી, સરસ્વતીનું મદીર. પાણી ભરવા આવેલી માણુકી વાણીયણની પુત્રી તથા લાડુ ભરવાડણ ચરણી.પુજા કરવા આવનારી સાધુડીયો, શ્રીકુમારીનું તણાતું આવતું ખોળીયું બ્હાર કાઢે છે. મઠ તરફ જવું; તળેટીમાં શોધમાં નીકળેલો ગંગુ, કાગળનું પોટલું મુકી નદીમાં પાણી પીવા જાયછે. પોટલું ભૂલી આગળ દીલગીરી અવસ્થાએ પડેલા મીત્ર વીયોગી ચાલ્યો જાય છે; ગીરીરાજના સ્થળ જોતો જોતો મઠ ભણી જતો વૈરાગી તળેટીમાં બાવાનું સ્નાન સંધ્યાદી કર્મ, પોટલું ને બહાર પડેલો કાગળ: ચંદ્ર ઓળખે છે. જાહેરખબરમાં રમણલાલના મૃત્યુની સુચના; બુદ્ધિસાગરના ઘરનું વરાન, મઠ તરફ બાવાઓ સાથે વૈરાગી

પ્રવેશ ૨ જો.

ભેગાં ભરવાડના રૂપીણીયા ગામનું ગાંદરું, તેના છોકરાં વીહલની સ્રી

લાડુ મહી વેચવા આવેલીછે. વીઠ્ઠલો રસ્તામાં રમત ગમત, પાછળથી ગંગુ. વીઠ્ઠલ તરફથી ગામની માહેત ગારી, વિજયાનંદ પોતાની દીકરી તણાઇ ગયાના સમાચાર સાંભળી તપાસમાં આવેલો અહિં રૂપણીયા ગામમાં ઉતારો રાખી રહેલ છે. તપાસમાં ગંગુ અને વિજયાનંદની અરસપરસ ઓળખાણ, ભીક્ષા માગી મઠ ભણી જતા, બાવાઓ, ખબર પુછતાં એક લડકી અને વૈરાગી અહિં મઠમાં આવેલા છે તેવી ખબર મળવાથી હાલમાં રૂપણીએ દરબારના હવા ખાવાના બંગલામાં વિજયાનંદ સાથે ગંગુ જાય છે; છોકરા, વીઠલાની ઓળખાણ, ને સવારે મઠ ભણી જવાનો ઠરાવ.

પ્રવેશ ૩ જો—

ગીરીરાજમાં શ્રીકુમારીને, ચંદ્રરાયને ગુફાઓ આગળ બાવાઓ લઇ જાય છે. એક રાત ગાળ્યા પછી દીક્ષા આપવાની રૂઢી હોવાથી બન્ને ગુફા તરફ જાય છે. ગુફા, મોડી રાતે અજાબ તમાસા, બન્ને જાગૃત, ભાગ્ય રેખાની વાત, બન્ને ખુલ્લાં, મુલાકાત, પાછળથી વિજયાનંદન ને ગંગુ મેળો, મહંતજી ને યોગની દિક્ષા આપવામાં આવેછે. વિજયાનંદ, પ્રધાનથી મેળો, ચંદ્રની વાત ખુલી, પ્રમોદરાય આવ્યા પછી દિક્ષા દેવામાં આવશે એવી સમજુત, રાજનગરશેઠને પત્ર, રૂપણિયે વિજયાનંદ મહન્તજીને ભલામણ કરી તેડી જાય છે, એકલાં વીરહો, ચંદ્રને શીખામણ, પોતાની બેનને પરણાવવાની પ્રતીજ્ઞા, ને રાજનગર જવાના સમ આપવાના, છુટકે ચંદ્ર કબુલાત, શ્રીકુમારીને બારણે સોનાના સુરજનો ઉદય.

પ્રવેશ ૪ થો—

લાડુ ને વિઠ્ઠલ ધણી ધણીયાણીની રમતગમત.

પ્રવેશ ૫ મો—

મહેલમાં વિજયાનંદ વીગેરે કુટુંબીયો, બાવાઓ, પ્રમોદરાય, કપટલાક્ષ-
ની શેઠાણી કેદીપણામાં, ચંદ્રરાય અવગુણનો ગુણ કરેછે. કેદમાંથી :
થવું, ને સરમાવું મહન્તજીની આજ્ઞા. લગ્ન મુહુર્ત ને ચાંલ્લો, પી-
તાપુત્રનો પ્રેમ, પાછલથી વીહલ.

પ્રવેશ ૬ ઠો—

વસંતને શ્રીકુમારી, શ્રીકુમારીનો પતીવ્રત પાળવાને માટે વસંતને
આર્શીવાદ.

પ્રવેશ ૭ મો—

લગ્ન મંડપ, લગ્ન; નાચ, છેવટનો આનંદ.

॥ श्री शारदाम्बे नमः ॥

મુખ્ય પાત્રોનાં નામ.

ચંદ્રરાય..............રાજનગરના ધનાઢ્ય શેઠ પ્રમોદરાયનો ભત્રીજો
(દત્તકપુત્ર.)

ગંગુ....................ચંદ્રરાયનો વિસવાસુ મીત્ર.

પ્રમોદરાય..............ધનાઢ્ય શેઠ.

કપટલાલ...............શેઠનો મુખ્ય મુનીમ.

શેઠાણી..................શેઠની નવી શેઠાણી.

વિજયાનંદ..............રતનપૂરનો નગર શેઠ અને શીરોઇ દરબાર.
કર્ણસિંહનો દીવાન.

શ્રીકુમારી }
વસંત } ....તેની પુત્રીઓ.

સુરસીંહ..............રત્નપુરનો રાજા.

બુદ્ધિસાગર............નવો પ્રધાન.

રમણલાલ..............તેનો પુત્ર. ને શ્રીકુમારીનો પતી

વેણી....................તેની પુત્રી.

દુષ્ટરાય................ગાજી પ્રધાન.

કુંન્ડળા.................ગુણીકા.

મહન્ત.................ગિરિરાજનો મહાધીશ.

આ વગર બાવાઓ, શેઠાણીઓ, બૈરાંઓ, ભરવાડણ, ભરવાડનો છોકરો વારાંગનાઓ, સીપાઇઓ, દાસ દાસીયો વીગેરે વીગેરે–

ૐ શ્રી શારદામ્બેનમઃ

શ્રીકુમારી નાટકનાં ગાયનો.

નટીઓ— મંગળાચરણ.

નમુ ૐ કારેશ્વર શ્રી સરસ્વતી,
ગુણીયલ શ્રી ગુણ જ્ઞાની. શ્રી. નમુ૦
ધ્યાન ધરત મુની જન મગી,
સકળ પૂનીત પૂનીત મંગળ ગુણ ગાતા. શ્રી૦
દેજો સદાયે સુમતિ, ગણુવંત મા જગેશ્વરી,
ધ્યાને દેજો શુભ મતિ, અરિહંત હે મંયુરેશ્વરી શ્રી૦

અંદરથી—

"રત્ન ઝવેરીયે મુકીયું, કનક દાબડી માંય."
સંભાળી સુંદીર રાખવું, હૃદયપ દ્વારામાંય.

નટી—

ધન્ય ધન્ય પ્રેમિના પવિત્ર ચીત્રને
ગાય ગાન તાન ગાંધર્વ મળીને.
અમુલ્ય પ્રેમ સંપત્તિ અખુટ ભરીને;
પ્રેમિકે દેદાર, રસીકડે શ્રગાર.
દીપતાં દેવાંશી રૂપ પ્રેમ માળ પે'રીને—
દેવાંશી દીવ્ય દંપતિ દશાથી દમીને,

તેજનાં અંબાર– હેત મણિહાર;
ખીજતાં લેલાટી તણાં દેહ કાળ દેખીને—
ભભરાવી ભભુતિ ભર્મમાં ભૂલી ભાગ્યદેવી,
ભોળા ભૂપતિ ભજનમાં ભળ્યાં ભર્મ ભૂલી;
પવિત્ર પ્રેમને સદાયે જય જયકાર છે—

ચંદ્રરાય— સાખી.

રત્ન ઝવેરીયે મુકીયું કનક દાબડી માંય,
સંભાળી સુંદીર રાખવું હૃદય પટારા માંય;

મદથી ભરેલિ કુંજ વેલિ પુષ્પથી રંગાઇ રહી,
રસકુંપના રસને મધુકર રજકણેથી પી રહી;
ભરપુર પ્રેમે અલખ વાંણી વેલમાં સંભળાઇ રહી,
મૃદુ ગંધ પ્રીતનિ વાય ત્યાં હરિયાળિ ભૂમી થઈ રહી.
પ્રેમી તણા મંદિરમાં ભણે શ્લોક વેલ વેદાંતના,
વાલો મેરામણ સાંભળે રસ બોલ કુંજલડી તણા.

પ્રમોદરાય— ૨

રચી રચના શી આ કારીગરે,
કર્યું જાદુ કેવું આ જાદુગરે—
ઘડીમાં મઝે ભાખરી હેમની, પલકમાં નથી ચાકરી બીખની,
ખીલ્યાં પૂષ્પ રંગે ભલે રાયનાં, ગયાં ચીમળાઇ થયાં રંકનાં.
રચી૦

શેઠાણી— ૩.

સરવરીયે આવો હંસરાજ મોતીડાં ઘણાં રે,

અહુ આકમાં મ્હેલે ફુલ કંઇ ન રહી મણારે—
પ્રેમ રાજનો મદન ભુપતિ ફેંકે નયના તીર,
યૌવન બગીચે સુંદર રસીયો છુપાયો ધરી ધીર;
સુંદર મનહર રસીયા રાજ તજે ભ્રમણા બધીરે—

ચંદ્રરાય— ૪.

રહી વસી હૃદયની માંયે રામાની મૂરતી,
શાં અમીરસ ભરીયાં નેન;
શા કોમળ મધુરા રંગ અંગ રસવેલી સુંદરી. (૨) રામાની૦
શા ધર્યા લલિત શણગાર,
ભલ ભલા જોઇ લલચાય હાય મદમાતી સુંદરી (૨)રામાની૦
એ પલપલ નચવે જાન. (૨) રસીક અલબેલી ચતુરી. રામાની૦

ચંદ્રરાય— ૫.

રે જાગ્યું તારૂં રમણુ રટણ—હે૦—
કોમળ નીરમળ બાળા સાધુ;
ભીન્ન ભીન્ન મંત્ર રસાળા...રે૦—હે૦—
ભાગ્ય—વંત છે: ગુણીયલ દારા:
રહો અમર વેલી......બાળા...રે ..હે૦—

કપટલાલ— ૬.

પ્રપંચીને પાખંડીના દુનિઆમાં છે પોબાર,
ભોળો ભાઇ કુટાયેને પ્રપંચીના સૌ યાર—
કલાઇ વિનાની જેમ રસોઇ કટાઇ જાય,
રંગીલો જે કાચો રંગ ધોવાથી ધોવાઇ જાય;
પ્રપંચ વીનાનો નર સઘળે કુટાયો જાય,
ખમા ભા ખમા ભા પાખંડીને ખમા ભા—૦

શ્રીકુમારી-સખીયો ૭.

ગરબો,

કેવી સરસ મળી મેદની વળી સૌ સરખી,
બાળા એકલડી રહી મુરખી—
વીરહ પીંજરમાં પુરાણી વ્હાલી—વીરહ૦
માંહે વારી વીના અકળાણી,
મુઝાયે મદનની રાણી
આલી ઘેરાણી, શાણીરે નીરખી.— કેવી૦
લજ્યા મરડી મન વીશે મંદ કરે વિચાર,
ગુમ વેદના હૃદયની તેનો જબરો ભાર;
કહોને હવે કોને કેવી આ કા'ણી.
ગુણીયલ ગમ રાખી ઘેરાણી. કહો૦—
રત્નજડીત છે પાંજરૂં અંદર અતીશય સુખ,
બીજા સુખને શું કરૂં ભાગે નહિં મન ભુખ;
એનું ઘેરૂં ગુલામી મન જો પીંગળે,
ચળે એ નહિં ચળે પરને એકળે. બાળા૦—

શ્રીકુમારી— ૮.

ચંદ્રથી રજની શોભતી
ભુષણથી ભામિની દીપતિ...રે—ચંદ્ર—
નૌતમ નાગર વેલડી દેવાંશી રૂપ ખાંણ,
શીતળ નીરમળ છાંયમાં વીણે મનહર પાન.—

તન મંદીર તુટી પડયાં, રૂઠયા પ્રેમી દેવ,
અલૌકીક નાદ વેદાંન્તના હવે કયાં છે દેવ.

શ્રીકુમારી—　　　　　　૯.

ચાહે બોલો યા ના બોલો, તારી પ્રેમ ધુની લાગી—ચાહે૦—
તુજ ધ્યાનમાં દીવાની.　　ચોળી વાલની ભભુતી,
છું જાંનતી હું જાની—ચાહે૦—
દીલદાર હું સદાની, ભજું નાગની ના માળી,
રે'વા પ્રેમ રાજધાની—ચાહે૦—
સંસારમાં રસદેવને કોઇ પૂન્યશાળી પામતો;
અદ્ભુત એના સારને કોઇ ભાગ્યશાળી જાણતો,
મને ર્હે તારી લાગી—ચાહે૦—

શ્રીયા—　　　　　　૧૦.

ગારી શાંણી સાહેલી સુલક્ષણી
કરજો શેવા પ્રીતમ તણી પ્રેમથી—
નિષ્ટા સારી થશે સુશ્રેષ્ઠ સુંદરી
કિર્તીવંત ગણાશો સઘળે સજની—
પ્હેરી શીયળ સાડી સૌભાગ્યની.
ભાગ્યરેખાએ થાજો જસવંતની—

વેણી—　　　　　　૧૧.

માનવી હુંપદમાં મરડાય ધાર્યું શું થશેરે,
જે લખ્યું હોય વંચાય તારૂં નહિં વળેરે—
દવ ડુંગરીયામાં બળતો-પંખી ઉડી તરફડતો,
નથી ઠામ વિસામો મળતો-ફરી ફરી ધણીને જોતો;
સાંભળો એ ધણીરે—ધાર્યું—
કાચી ઘડેલી કુલડી પાણી થકી ભીંજઇ જશે,

કુંભારે ઘડેલા ઘાટની બાજી બધી બગડી જશે.
મણિ રત્ન મુકી હોંશથી મણિધર બધા વનમાં વસે,
કાળ ઉભો પલકમાં તે મણી તારો લુંટશે;
સંભાળો એ મણીરે—ધ્રાસું—

કુન્ડળા— ૧૨.

પીયા છોડો સુંદરીયાં હમારીરે,
હોગી બાલી ઉમરીયાં હમારીરે—પીયા૦—
ઓહલે વક્તકો ભૂલ અગે કીસ ખીયાલમે,
ક્યા તુમભી ફસ ગયે કીસી કાકુલકી જાલમે,
નહિં લાગે નજરીયાં હમારી રે—પીયા૦—
આખીર જવાલ હોતા હય દેખો કમાલમેં,
યે હુસ્ન ચંદરોજ કા કીસી ખીયાલમેં;
બાંધો બાંધો ગુડરીયાં હમારીરે—પીયા૦—
છોટે છોટે લીંબુ વે રસકે ભરે હુવે.
ઇસ નાજની કે બાલ કમર પડે હુવે;
ઠંડી લાગે સેજરીયાં હમારીરે—પીયા૦—

કુન્ડળી— ૧૩.

સુંઘીયે હુજુર યે ગુલાબકી છડી.
ક્યા રંગ મજેદાર હય સુબાસકી ભરી—
ક્યાં સૈલ કરકે ફીર રહી યે' અપને ઢંગમે,
રંગમેં રમાડે રસીયાં કો સંગમેં;
લેલો પ્યારે સુંગધસે ગુલાબકી છડી—સું—

ચંદ્રરાય— ૧૪.

મલીન ઓ પ્રાણીયા મોહમાં કેમ તું છેક ભૂલ્યો,
વિશ્વના ફંદના બંધમાં પ્રાણીયા શીદ ડૂબ્યો,
તુચ્છ આ કોટડી હાડની જીવડા કેમ ભૂલ્યો;
દોસ્તી એ બાંધશે પલકમાં માટીથી ધીક્ક ફુલ્યો;
અંધ ઓ માનવી ચેતતું ચીત્તમાં થઇશ પૂરો,
જા બળી જીંદગી શૂન્ય સંસારમાં મૂકય પૂળો.—મલીન૦

શ્રીકુમારી— ૧૫.

મારા રસીક લાલ રીસાળારે,
તમને આશું સુઝ્યું લાલા;
દેશ છેડી પંથે પડીયા.
વરયા કયાં તમે પંથીડારે—મારા૦—
દનમાં બળી હમે મરતાં,
નથી હશે દીશા સુજતાં;
હમે કયાં જઇ વસીયેરે—મારા૦—
નથી સુખી વીસામા દીઠા,
બધા ભવમાંથી તો નાઠા;
શું પરદેશી થયા લાલારે—મારા૦—

રમણલાલ— ૧૬.

અલબેલો કનૈયો હું રંગે મજેદાર,
રંગે મજેદાર કેવો ફાંકડો છું યાર—અહોહો૦
નેનમાં નચાવું કંઇક નારીયો હજાર;
સેહમાં ઝુલાવું ભલા ભૂપ પલવાર.

ચાલમાં ચુકાવું કંઇક હંસને હું યાર,
રંગમાં ઉડાવું. ભલા ભલા રંગદાર;
અરે વા—અહોહો—અરેવા—અહોહો૦—

શ્રીકુમારી-રમણલાલ ૧૭.

કેળવણી પામ્યા નહિં જે જન તે ગમારમાંજ ગણાય,
પશુ પંખીમાં ને એનામાં નથી ફરક એમ કહેવાય—
કો' ખટી કેરાં ઘેબર કદીયે થાય,
કો' મો'ર વીણ કંઇ તરૂવરીયે ફળ થાય.
સુંઘ્યા વીના શી સુગંધી પરખાય,
ચાલ્યા વીના કો' પંથજ કેમ કપાય;
(ખરેખરૂં સાચે સાચું)
ગુલાબ ઘણું છે મનહરણું પણ કાંટાથી નીંદાય.
ચંપે ઘણી સુગંધી પણ ને પરભોગી કે'વાય,
રસ ચખડાવ્યા તે મેં ચાખ્યા મન હરણી,

પ્રેમાળબાળા.

હરદમ બાળા પાસે રે'તાં શીખશું શીજી,

રંગરસાળા.

[એમ લાવો જોઇ વચન.]
[હા હા લ્યો આ વચન.]
કેળવણી લગને ચડતાં પ્રાણી જગતમાં પુજાય—કેળવણી૦—

ચંદ્રરાય— ૧૮.

અરે ઓરે અભીમાનની કાયારે,
પલટાશે ઘડી વારમાં છાયારે;

ભલે હોને આશમાની રંગ સારારે,
ચીતરે ચીતરાય નહિ ધારારે—
ભલે હસો ને કુમળી કુંપળીયાંરે,
થોડે દીન કરમાશો ધરો ધીરિયાંરે;
ભલે ઝાંઝવાના જળ દેખો મીઠાંરે'
પણ નોય મીઠાં એછે ભૂંડા ખોટાંરે.
શું બાળો છો ગર્વ દીવો હાંશમાંરે,
પણ ખાખ થશો લાલચુ પતંગીયાંરે;

શ્રીકુમારી— ૧૯

પહાડે ટેકરે સુંદરિ ફરિ વળી,
પંથ દીઠો નહીં શુદ્ધ રૂડો;
વેઠતી બાપડી વન્ન પીડા અતી,
પંથ દીઠો ઘણો વિકટ ભુંડો,
નેન નીચોવતિ ભામિની હીંડતી;
શું કરે વેઠશે રૂડો ભુંડો—પહાડે૦—

શ્રીકુમારી— ૨૦

પે'રા શીખની મા......ળા
શીખ શીખાવે બા......બા
(શીખવાડો ત્યારે)
પે'લાં પ્રીતમજી આવો બગીચે,
બીજે રસીકજી પુષ્પનો વીણીયે;
ત્રીજે રસીયાજી શુદ્ધ શોધી બધપે.
ચોથે પગથીયે હવે તો ચઢીયે,

સૃષ્ટિનો સાર જુઓ ત્યાંથી લઈયે;
ધામ અંતરમાં જોઈ ગુણ ગઈયે.
(શી રીતે) (જુઓ)
બુદ્ધિ સાથે શુદ્ધિ દોરો ધીમેથી પરોવજો,
છાબે ભર્યાં પૂષ્પ તેમાં દીપે તે પરોવજો.
ગુથી રહીયે પુરાં ત્યારે માળા એને જાણજો,
પેર્યા કેડે ચતુર સુ સાર પુરણ જાણજો;
(અરે વાહ પછી)—
શાણાંતો સમજી જશે ગમાર કુટાશે,
હંસ હશેતો ચેતશે સાર સાર ચૂશશે—પેરો૦—

સવળા— ૨૧

ચરણ શરણ માગીયે નૃપેન્દ્રમણી જગપતી.
જય કરો સુરેન્દ્રમણી અગિપતી અગલપતી—
સૃષ્ટિ તારનાર, વિશ્વ પાળનાર,
શાન્તિ રાખનાર, ભ્રાન્તિ ટાળનાર;
અખંડ રાખો કિર્તી મહીપતિ આ ભૂપસિંહ.
હિંદવાણ રાજવી તમે તપાવો સૂરસિંહ—જય૦—(૫)

કુન્ડળા તથા વારંગના. } ૨૨

નૈંના મીલાયદે પ્યારે કો પ્યારસેં,
પ્યારે કો પ્યારસેં સૈયાં દેદારસેં;
છતીયાં મીલાયદે હૈયાકો હારસેં—
ફુલોંસે મારા મારદાના, અબ ભમરજી મત સતાના,

છોડકે જાતા હું દેદારી, સૈયાં લેલો યે સલામી.
મારદીયે અબ સારે દીલજાની મીલો મીલે મેરે પ્યારે ફીરજાની,
નયનાં ઉઠાયલે સારે દેદારસેં પ્યારે બુલાયલે પ્યારે કો પ્યારસેં—

અંક બાજો.

સખીયો-શ્રીકુમારી ૨૩

કુવામાંની છાંયડી કુવામાંજ છુપાય.
અંતર કેરી દાજડી અંતરમાંજ બુઝાય,
આશા અમર વેલડી—સદા અમર ગણાય—સખી મારી—
ઉજડ ખેડાં ફરી વસે, નીરધનિયાં ધન હોય,
ગયાં ન જોબન સાંપડે, મુઆં ન જીવે કોઇ;
કીર્તિવંત જગતમાં—સદા અમર ગણાય—સખી મારી—

ચંદ્રરાય— ૨૪

દીલની થાપણ ઓળવી દીલ દે શું દીલદાર
દીલ દેતાં દીલ ડુલ છે દીલ છે રાખણહાર
ભણુ ભણુ ફુદ્દુ થઇ રહ્યું પણ એ ભમરાળુ
ડગતું ડગતું દીવે ના સતુ
ગણુ ગણું ગણુતુ ગણુ ગણ્યું ને એ હડકાયું
રડતું રડતું પાંખો ખોળતું—
લલચાણું લોભાણું ચાળા કરતુ લેવા લ્હાણુ—રંગમાં
જાણે લઈશ ત્રિભુવન ઠામ, સુધાકર સાગર કેરૂં પાન (૨)
ગભરાણું બોલાણું નહિને અંજાતા થઈ હાંણુ પ્રેમમાં ભણુ—

૨૫

કુન્ડળા-હાસી-રમણલાલ-

મારાં સોનાની મટકીનાં દુધડાંરે પીતા જાવ મારા વાલમા,
પીશ્યો પીશ્યો મારા સમ મારા સમ મારા સમ વ્હાલી પીશ્યોરે—
મારાં મોંઘાં મોંઘાં દુધ, પીશ્યો પ્રેમથી સલુણા મારા સાજનારે,
પછી માણો બધા રંગ ચતુર સંગ ભલા ભાવથી નગીનારે—
સરોવર અમૃતનાં ભર્યાં, ત્યાં ઉપવન રસીલુંરે,
દંપતી પ્યાલા ભરી ભરી, પીશ્યો હસી હસીરે—

કુન્ડળા— ૨૬.

મારા દાંના કુંવરરે ધીરે હાલો ધીમા ચાલો રાય
પિયુજીરે પાવું મીઠાં પાન તો—
નંદન વન રળીઆમણું હરીયાળુ ભરપુર.
નીરમળ જળ સરવર તણું પી લેજો રસપુર—
તરૂવર અમીરસનાં ભર્યાં હીંડોળે હીંચાય,
મદમાતી વસંતડી, ઉમંગે ઉછળાય—
સેજ તળીયે પાથર્યાં ફુલ જો જો ફુલાય,
જોઇ રસ બસીયા ફુલડાં ખડ ખડ હસેજ જાય—

૨૭

શ્રીકુમારી— (કવિતા)

તજી દે મોહની માયા, અરે આ સ્નેહની છાયા,
ઘડી આંધી ઘડી પાછી દૂરે એ સ્નેહ ઉપાધી.
અમે હાવે સુખે રહેજો પ્રતીનું પાન તું પીજે.
તજ્યો સંસાર મ્હેં હારી હરોના ભેદ સંહારી,

તજી લક્ષ્મી અને શૈયા પીતા દારા અને મૈયા.
હતો વાલો મને જે મીત્ર ધરી દ્રઢતાથી છોડયું ચીત્ર
લીધી વૈરાગી દંડીમેં લલાટે એ લખાવી મેં;
હવે પાછું નથી જાવું–લીધેલું નીર પીવાયું.

શ્રીકુમારી— ૨૮.

ઉરે ભાન તારૂં અરે સાધુ સંતી,
અરણ્યે વધ્યા શું ભુલી ગુણવંતી.
નથી પાછા જાવું લીધું નીર પીધું,
તજી વ્હાલી સાધુ રણે આ શું કીધું.
ભૂલાશે નહિં ભાન જે ચીત્ત વાગ્યું,
સદા ચીત્ર તારૂં હૃદયમાં છે લટકયું.

અંદરથી— ૨૯.

રાતલડી અરે એ ઘેલી જોજે વહી જતી,
સાલ્યો મારો કોડીલો જાગ્યોરે નથી,
આણાની પે'લી રાત ફરી મળતી તો નથી—રાત૦—

શ્રીકુમારી— ૩૦.

પ્રેમ બદન ઉલટયું તરવારે. રસરાજ પ્રેમ મંદિર પરવારે,
આંખલડી અમૃત વરસાવે, શ્રાવણ માસ ચઢયો નીર ધારે;
રામલડી બળતી બુજાવે, વિયોગિનાં મનડાં કોઇ ઠારે,—
મૃગલી ચાલી મોહથી સુણી વીણાનાં વેણ;
સાહેબે પકડી તીરથી, કાને કે' જય કેણ—રસ૦—

ગંગુ— ૩૧.

બધો દેહ ભાસે હવે સુન્યકાર,

બધે હામ હામે દીસે અન્ધકાર;
ભરેલી હતી થાળમાં ખાંડ વેરઇ ગઇ.
થયેલી રૂડી વાડીમાં વેલ સુકઇ ગઈ,
અહા વન્દિને કયાં હવે વંદનાર—બધે૦—

અફીણીયા બારવટીયા— ૩૨.

કહુંબા કાઢી પીધો ને મારા શુરીયા
મારા શુરીયા સરદારીયા, ભલે બાપલા મજેદારીયા—
ખુબ પીધો ઉડાવો સેંલ સંગમાં,
પછે ધુમો બાપલીયાજી ઘેનમાં;
ભાઈ લેરમાં મજેદારમાં, જુઓ જુઓ આસમાન પાતાલીયાં—

બાવાઓ— ૩૩.

સૌ સ્વારથની બાજીરે, દુનિયાં છે ધણીપાજી,
ભરી બાજે રસોઇ તાજી, જમ્યા પ્હેલાં થયા કો રાજી;
જાવો મુખથી બાઇ વાવાજી, ચેતો ચતુર નરરે છેતરશે હળાહળ બાજી—
પંખી નીર પીવા નદી આવ્યાં, નીર વીના બીચારાંમુઝાયાં,
અંતે પ્રાણ છોડી સીધાવ્યાં, ભુલ્યાં પંખીણીરે સ્વાર્થ;
અંગારે દાઝી.

હીરો જોઇ ઝવેરી મોહ્યો; વીષ ભાગ નહિં તપાસ્યો,
ભુંડે મુખમાં ઘાલી ચૂસ્યો, શોદો બ્હોરીરે સોદાગર રોયો ગાજી—
મુસાફર સફર રહી છે ટુંકી, સુધાકર થાપણ શ્રીજીએ મુકી,
મુરખડા સમજી જ્ઞાને ચુકી, લેખાં પુછશેરે સાહેબ તમને શાજી—

કુન્ડળા— ૩૪.

રંગ ભીના મોરે રંગ રસીયા,

મોરે રંગ રસીયા મોરે સૈયાં—
સે'જ બીછાઈ ફુલોંકી ચદર,
ઔર છાંટા ગુલાબી અતર—મોરે રંગ—
પ્હેરાં બે'તી ઠંડી સરસર,
રંગ પ્યાલા પીલ્યો ભરભર—મોરે રંગ—
ઝુલો ઝુલાવું ઝુલમે સૈયાં—
પ્રેમ નગીના મોરે રંગ રસીયા—મોરે રંગ૦—

બુદ્ધિસાગર ૩૫

હાય લીધું વૃક્ષ મારૂં એકદમ વેરાન શુ આ,
ઘટ હતું ઘનઘોર જેવું પલકમાં પલટાયું શું આ.
તપ્યું પંખી બેસશે ક્યાં અરણ્યના દારૂણમાં,
રવડી રખડી ભાન ભુલતાં પ્રાણ તજશેપલકમાં,
રે બળી રહ્યું અને ઝળી રહ્યું ને ટળવળ્યું આ વનમાં-હાય,

વેણી— ૩૬

અગર કેરી અમર વાસો રહીને સુંઘું શી જગમાય,
સુખીશાતા નંદન વન કેરી સુગંધી લેવા જઉં ક્યાંય.
બધું વન ખરેખાત થયું ઉજડ આ,
તપ્યું મન અરે હાય બધું સજડ આ.
સ્વર્ગ કેરી રમણિક રચના ક્યાંથી ભાળુ શીજગમાંય

આવાઓ-વિશ્નુદાસ— ૩૭.

ચેતચેત અલ્યા ચતુર પ્રાણી.તારૂં ચેતન ચટપટ જાય,
વખત ધુતારો છેતરશે, અને જબરી તેની ચાલરે—અલ્યા૦—
ઘડી ઘડીનાં વાગે ઘડીયાં કાયા ધન હરશેરે-અલ્યા૦—

સાચાં મોતી સરવર પાકે મોતી મોતીમાં ફેર,
વીણી લેને અલ્યા વ્હેપારી હંસ ઉડે ચોમેરરે—અલ્યા૦—
વન વગડે ભાઇ મૃગલો ભમતો કસ્તુરીની આશ.
પાસે છતાં જોતો નથી ને સુંઘી ફરતો ઘાસ—રે અલ્યા.
અંબરમ્હેલથી ઘોતી ઉતરી પચરંગી છે ભાઇ,
ગગને સુરત ચઢતાં પ્રાણી હીરા કણી હંસે પાઇ—રે અલ્યા.
ચતુર નર તમે ચેતી વ્હોરો શ્રીજીનો સોદો.—રે અલ્યા૦

પ્રેમવાણી. (અંદરથી) } સ્વપ્નમાં.— ૩૮

લાગી પ્રેમ ધુની સંતજીના ધ્યાનમાંરે લોલ.
ભણે મંત્ર એક સુંદરીઓ સુંદરીરે લોલ.
ભુલી ભાન સંત શાથી તજી પુતળીરે લોલ.
તજી તોય આવી નિરખીશું મુરતીરે લોલ,
પછી શાંને મેલી રોતી જોગી સુંદરીરે લોલ.
સંત તોય શાને મંત્ર ભણો સુંદરીરે લોલ.

કળી રસવંતી અતી ભાગ્યવંતી,
ભલે ખીલજો ખીલતિ વાસવંતી.

ભૂલ્યો ભાન જોગી મંત્ર મારા તેજનારે લોલ.
ભણો મંત્ર પ્રેમનાદ બ્રહ્મરંધ્રમાંરે લોલ.
જોગી સ્વસ્થ થાવો જાગી જુઓ ઘટમાંરે લોલ,
તીર્થે જાય પરદેશ પુજો સુંદરીરે લોલ,
જોગી જાગી રખે શ્રાપ મને આપતારે લોલ.
ચેતો ચેતવું છું બ્રહ્મજ્ઞાની સંતજીરે લોલ.

અંક ત્રીજો.

માણુકીલાડુ-
ભરવાડણો-
વાણીયણો-

૩૯
ગરબી

માને આંગણે તે ચદની શી ખીલી રહી,
ખીલી રહી મધ રાતનીરે લોલ૦—
માને ગરબે માજીનું ગાન ગાઈ રહી;
ગાઇ રહી ભલી ભાતનીરે લોલ૦—
ધર્યાં વસ્ત્રને ઘરેણાં માયે અંગમાંરે,
ચઢયાં શસ્ત્ર કસી સ્વારીયે ઉમંગમાંરે:
માર્યા ચંડ મુંડ મહીષને પલકમાંરે,
હણ્યા રક્ત બીજ ધુમ્રકેતુ સેજમાંરે;
ત્યારે થાય ગાનતાન, વળી થાય નાચ રંગ ભલી ભાતનાંરેલોલ૦—
કરે દેવ ફુલ વૃષ્ટિ માની ડોકમાંરે,
થયો જય જયકાર ત્રણ લોકમાંરે;
આવ્યાં ખેમકુશળ માજી આરાસુરમાંરે,
રમ્યાં ગરબે રસીક બધ તાનમાંરે;
ત્યાં તેજનો અંબાર, વળી ચંદનોની રાત
શી ખીલી રહી મધરાતનીરે લોલ૦—

લાડુ— ૪૦.

મહી લાવી-લ્યોરે નરનારી સુખકારી—
અમૃત સરિખું મીઠું મીઠું સુખદાઇ,
પીલ્યો પછીથી કરો પ્રેમથી વડાઇ;

ક્યારે વૈકુંઠ સુખ માણું—મહી૦—
રસ ચાખી ક્યો મહી તણા બાળી છું હું બાળ,
પીશે તે સુખ પામશે થાશે તેજ સુભાગ;
ક્યારે ભાગ્યવંત સુખદાઇ—

લાડુ-વીહલ— ૪૧.

મને વાટેને ઘાટે ના રોકશોરે,
હસે લોક ત્યારે તમે શું સોભશોરે;
ઉભાં રહો મારા હમ જરા થોભશોરે—
હું છું ગોરો ગોરડો તું ગોરી ગોરી નાર,
રૂપાળો નાજુકડો તું રૂપાળી છે નાર;
સરખા સરખી જોડલી બન્ને બાળેવેશ,
મંદીરીયે કરજો ઠેકડી રસ્તે આશા વેશ.
પરણ્યાના લાવા લીજીયેરે,
ભલે ઘેર ભલેરા રસ પીજીયેરે—મને૦—

૪૨

શ્રીકુમારી—ચંદ્રરાય—

(ભાગ્યરેખા)

તપો વન માહા ભયંકર ભાસે નહિં સ્થાન વિશ્રામનું એક પાસે,
ભમી શોધતાં સ્થાન દીઠું રસીલું ભરેલું વસંતે છવાઈ રહેલું;
ઉડે પંખી ગી રંગ બે રંગી સારાં વળી ગાન ગાતાં મધુરાં રૂપાળાં,
હતાં કુંડ અમૃતના ત્યાં ભરેલા, હતા છોડ કુમળા પુષ્પે સજેલા,
વળી ત્યાં બીરાજ્યા માહા મુની સાચા, ભણે ફક્ત વેદાંતની શુદ્ધ વાચા;
વીણ્યાં પૂષ્પને મેં બનાવીય માળા ધરાવી ગળે મુની દીપે રસાળા.

પ્રસન્ના થઇને લીધો વીણાજંત્ર, પછી ગાનમા આપતા પ્રેમમંત્ર,
ભૂલ્યા મંત્ર હું કે પછી સંતસંગી, વરસ્યા અંતરીક્ષે દીધો શાપ જંગી;
સુકાણી લીલી છમ પ્રેમાળ વાડી, ભૂંડી ગ્રીષ્મતાએ વસંત ઉજાડી.
થયું સ્થાન સ્મશાનના જેવું ઘોરી, રહી અગણા વનમાં રોતી રોતી,

સંત ધુંધારે અંતરમાંથી, પારસમણી ધુની લીધોરે,
શામું વીનાનો એ વૈરાગી, પ્રતિજ્ઞા લઈ નાઠોરે.
નાઠો જોગીએ સંતોષી ભભૂતી ભસ્મની છાંટીરે;
અનંગી હું નીરભાગી, લગ્ન ભભૂતિનિ લાગીરે.

ભૂલ્યે વૈરાગી લઇ લીધો, હવે આ જીવ સંતાપ્યો,
સદા હું ભસ્મથી છાયો, બધા સંસારથી નાઠો..
મુકી મેં હેતની વાતો, પીમેલો પ્યાલો પીવાયો,

સંત છોડીને પાછો શું શોધતોરે;
ઉરે સુંદરીને ભસ્મ શું ચોળતોરે;
છુટયો તોય પાછો શાને તુ ઝંખતોરે.
ઝંખી ઝાંખીને શાને તું ખીજતોરે,
શુદ્ધ સ્થાન તારું ભ્રષ્ટ થશે વાલમારે:
ભજ મંત્ર માહા તેજના ઓ શામળારે,

પામી તીરસ્કાર હું સ્વામી હસ્યે,
દીધા પ્રાણ મારા સુભદ્રાને હસ્યે.

હતું દુઃખ ઝાઝું લલાટે વધારે,
પડી તોય આવી આ દુઃખી કીનારે,
છતાં ચંદનું ભાન અંતરે વધ્યું.
કહોતો ભલે પ્રાણ મારા હું આપું.

અતી સંતાપી આહારા છુટે ચક્ષુએ નીર ધારા
બળ્યું આજીવવું મારૂં, હવે શાથી હું સંહારૂં.
બળ્યો સન્યાસ આ દુઃખી હવે જઇ ક્યાં થઉં સુખી.

મરી હોત તે દીન હું નાથ હાથે,
ફરી હોત નહિ જીંદગી આમ સાથે
છુટી તો છુટી હોત હું સર્વ વાતે
કદી જોત નહિ આમ વાટે ને ધાટે
ભલા પંખી છુટયો બીજી ડાળ બેઠો
ઉંડો જંજાળા જેવાં હવે યોગ દીઠો
હવે તું સજીશે અલખને ભજીસે
સહ્યું તે સહીસે ગણ્યું તે ગણીસે
ભલે સંત તેં તો લીધી છે ફકીરી
તેને ફાવ્યું તે તેં લીધુ છે ખરીદી.
બજારે ફરૂં છું ભલો સોદો લેવા.
વેરે ધામનો એક સત્ય પંથ જોવા—

શ્રીકુમારી— ૪૩
આજ તો ઉગ્યા ભાંખુ મારે બારણે સોનાના—રે

આવથી વધાવું ભરી થાળ મોતીડાના—રે
થાળ પીરસ્યા છે રૂડા રૂડા ભોજના—રે
હેતથી મુકયાં છે વળી પાન મુખવાસનાં—રે
માન્ય સૌ રાખજો આ ઘેલી ઘેલડીના—રે
પ્રેમથી સ્વીકારજો એ સાહ્યબા સલુણા—રે

વીહુલ—લાડુ— ૪૪

વ્હાલી પેરો પેરાવું રૂડાં રૂડાં ઘેરાંણાં
રૂડાં ભલાં ઘેરાંણા ઓપ્યાં હોનાનાં ઝુમણાં
ફાતો લઇ આવુ બનાવુ પેરાવુ દીપાવુ સોભાવું—
હોનાની વાળી ભલા મોતી ભરેલી
હાસી હીરાની ઓલી કંઠી જડેલી
પેરોરે નાચોરે. ફુદોરે બોલોરે. આવોજી આમ—
રૂડી રૂડી સુલડી અને હાંસળાં
રૂપાનાં ઝાંઝરાં અને ફુલડાં
હોવે હોવે ઘડાવું ઓપ્યા હેઠ અને વેંટીયો,
ખાસી ખાસી બનાવું ઓલી રંગીલી પુંસીયો;
પછે હેડો રસીલાજી ઘુમ-ઘુમાક-ઘુમ—પેરે.૦

વસંત— ૪૫

દશાના દમામ ઘડી ચડી ચડી પડે,
ચડી ચડી પડી પડી ખડી ગુમાની આથડે-
બનાવ્યો બગીચો સુંદીર ગાળીયે મથા.
ગુલાબી ગુલ બાસ વીણુ ઓપતો નથી—
જડીત હીરા રતનથી સોનીયે પાંજરૂં ઘડયું.
પણ મેના જેવા પંખીડાને અન્ન ના મુકયું—
ધન વણીકે મેળવ્યું પાપ પુન્યથી,

જાયું તોલી સાજ્ઞ એ તો નમ્યું પાપથી—

આકુમારી— ૪૬.

રે'જે સદા મગનમાં પતીવ્રત પાળી,
મુકજે બધા તું કુસંગ ના રંગ બાળી;
પીજે સદા પાન અમૃતનું પ્રેમ ત્યારી,
થાજે અમર તું શીયળથી બેન મારી.

દરબારીયો (
વારાંગના,) ૪૭

ધેનું વૃંદ પાળનાર સત્યના સહાયકાર,
છો સદાયે કાંન્તમણિ શાંન્તિ આપનાર;
પ્રેમના ભંડાર પૂરજો સદાય.
દેવના અંબાર પુજીયે સદાય.
સહાય થાજો હે કૃપાળુ વિશ્વ તારનાર—ધેનુ૦—

[સારીગમ.]

"શ્રી ગજાનનઃ શારદામ્બે નમઃ"

" પ્રસન્ન "

સમાપ્ત.